# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-01-2025** **MIDDAY : 7.50 to 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

**************************************************

1) દેશમાં છેલ્લાં દસ વર્ષમાં 17 કરોડથી વધુ વધારાની નોકરીઓનું સર્જન થયું, 36 ટકાની નોંધપાત્ર વૃદ્ધિ

2) મનુ ભાકર, ડી ગુકેશ અને હરમનપ્રિતસિંહ સહિત છ ખેલાડીઓને રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર એનાયત થશે

3) કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કેદીઓ સાથે જાતિ આધારિત ભેદભાવનાં પ્રશ્નનો ઉકેલ લાવવા મોડલ પ્રિઝન મેન્યુઅલમાં સુધારો કર્યો

4) જથ્થાબંધ ભાવ સૂચકાંક-WPIનું પાયાનું વર્ષ 2011-12થી બદલીને 2022-23 કરવા વાણિજ્ય મંત્રાલયે કાર્યકારી જૂથની રચના કરી

5) યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) એ ડિસેમ્બરમાં16.73 અબજ રૂપિયાના નાણાકીય વ્યવહારો કર્યા

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

# JOB CREATION

છેલ્લાં દસ વર્ષમાં દેશમાં રોજગાર સર્જનમાં 36 ટકાની નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. શ્રમ અને રોજગાર મંત્રાલયના જણાવ્યા અનુસાર, 2014 થી 2024 સુધીમાં 17 કરોડથી વધુ વધારાની નોકરીઓનું સર્જન થયું હતું. મંત્રાલયે જણાવ્યું હતું કે ગયા વર્ષે દેશમાં લગભગ ચાર કરોડ 60 લાખ નોકરીઓનું સર્જન થયું હતું.

મંત્રાલયે જણાવ્યું હતું કે 2014-2024 વચ્ચે 36 ટકાનો રોજગાર વૃદ્ધિ દર વર્ષ 2004 થી 2014 દરમિયાન નોંધાયેલા 7 ટકા વૃદ્ધિ દર કરતાં ઘણો સારો છે. યુપીએ સરકાર દરમિયાન 2004 થી 2014 વચ્ચે બે કરોડ 90 લાખ વધારાની નોકરીઓનું સર્જન થયું હતું.

ડેટા દર્શાવે છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં શાસન હેઠળ કૃષિ ક્ષેત્રમાં રોજગારીની તકોમાં 19 ટકા, ઉત્પાદન ક્ષેત્રમાં 15 ટકા અને સેવા ક્ષેત્રમાં 36 ટકાનો વધારો થયો છે, જ્યારે બેરોજગારીનો દર 2017-18માં 6 ટકાથી ઘટીને 2023-24માં 3.2 ટકા થયો હતો.

# SITHARAMAN - PRE BUDGET

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે આજે નવી દિલ્હીમાં આગામી કેન્દ્રીય બજેટના સંબંધમાં નાણાકીય ક્ષેત્ર અને મૂડી બજારોના હિસ્સેદારો સાથે સાતમા પૂર્વ-બજેટ પરામર્શની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં કેન્દ્રીય નાણાં સચિવ, રોકાણ અને જાહેર મિલકત મેનેજમેન્ટ વિભાગના સચિવ DIPAM,

આર્થિક બાબતોના વિભાગના સચિવો અને મુખ્ય આર્થિક સલાહકાર હાજર રહ્યા હતા.

અગાઉ સુશ્રી સીતારમણે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નાણા પ્રધાનો, ઉદ્યોગ પ્રતિનિધિઓ, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રો, વિવિધ ખેડૂત સંગઠનો અને અગ્રણી કૃષિ અર્થશાસ્ત્રીઓ સાથે પૂર્વ-બજેટ પરામર્શ બેઠકની અધ્યક્ષતા કરી હતી. ઉલ્લેખનીય છે કે, નાણાકીય વર્ષ 2025-26 માટેનું કેન્દ્રીય બજેટ આ વર્ષે 1લી ફેબ્રુઆરીના રોજ સંસદમાં રજૂ થાય તેવી સંભાવના છે. નાણાંમંત્રી નિર્મલા સીતારમણ સતત આઠમી વાર બજેટ રજૂ કરશે

# AMIT SHAH-BOOK RELEASE

ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની હાજરીમાં ‘જમ્મુ કાશ્મીર અને લદાખ: થ્રુ ધ એજીસ શીર્ષક સાથે પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પુસ્તકમાં 7 વિભાગમાં પ્રદેશનો 3 હજાર વર્ષનો ઇતિહાસ દર્શાવવામાં આવ્યો છે. હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશિત થયેલું આ પુસ્તક નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયા અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ હિસ્ટોરિકલ રિસર્ચના સહયોગી પ્રયાસોનું પરિણામ છે.

શ્રી શાહે તેમના સંબોધનમાં કહ્યું કે , પુસ્તક તમામ પરિબળોને વિગતવાર રજૂ કરે છે., જૂના મંદિરોના ખંડેરમાં રહેલી કળા સાબિત કરે છે કે કાશ્મીર માત્ર ભારતનો ભાગ છે. શ્રી શાહે કહ્યું કે, કાશ્મીર નેપાળથી અફઘાનિસ્તાન ગયેલી બૌદ્ધ યાત્રાનો પણ એક સંકલિત ભાગ છે. બૌદ્ધ ધર્મથી લઈને તોડી પાડવામાં આવેલા મંદિરો, સંસ્કૃતનો ઉપયોગ, મહારાજા રણજીત

સિંહ થી ડોગરા શાસન સુધી, 1947 પછી થયેલી ભૂલો અને તેના સુધારણા સુધીનો તમામ ઇતિહાસ આ પુસ્તકમાં સામેલ છે

# SPORTS AWARDS -1

રાષ્ટ્રીય ખેલ પુરસ્કારની આજે જાહેરાત કરવામાં આવી છે . વિશ્વ ચેસ ચેમ્પિયન ડી ગુકેશ, પેરિસ ઓલિમ્પિકમાં બે ચંદ્રક વિજેતા મનુ ભાકર, ભારતીય હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહ અને પેરિસ પેરાલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ મેળવનાર પ્રવીણ કુમારને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ આપવામાં આવશે.

આ ઉપરાંત 32 ખેલાડીઓને અર્જુન એવોર્ડથી નવાજવામાં આવશે. તેમાં એથ્લેટ્સ જ્યોતિ યારાજી અને અન્નુ રાની, કુસ્તીબાજ નીતુ અને સ્વીટી, ચેસ ખેલાડી વંતિકા અગ્રવાલ, હોકી પ્લેયર સલીમા ટેટે, અભિષેક, સંજય, જરમનપ્રીત સિંહ અને સુખજીત સિંહનો સમાવેશ થાય છે. પેરા-આર્ચર રાકેશ કુમાર, પેરા એથ્લેટ્સ પ્રીતિ પાલ, જીવનજી દીપ્તિ, અજીત સિંહ અને સચિન ખિલારીને પણ અર્જુન એવોર્ડ મળશે.

અનુભવી એથ્લેટ સુચા સિંહ અને અનુભવી પેરા સ્વિમર મુરલીકાંત પેટકરને આજીવન અર્જુન પુરસ્કારો થી સન્માનિત કરવામાં આવશે. . પુરસ્કાર વિજેતાઓને 17 મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત ખાસ કાર્યકર્મમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા પુરસ્કારો એનાયત કરાશે.

સાથે જ દ્રોણાચાર્ય પુરસ્કાર માટે પેરા-શૂટિંગ કોચ સુભાષ રાણા, શૂટિંગ કોચ દીપાલી દેશપાંડે, હોકી કોચ સંદીપ સાંગવાન, બેડમિન્ટન કોચ એસ

મુરલીધરન અને ફૂટબોલ કોચ અરમાન્ડો એગ્નેલો કોલાકોની પસંદગી કરવામાં આવી છે...................

# PM- DELHI PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે દિલ્હીમાં બહુવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેઓ જેજે ક્લસ્ટરના રહેવાસીઓ માટે લગભગ 1700 નવા બાંધવામાં આવેલા આવાસોનું પણ ઉદ્ઘાટન કરશે અને અશોક વિહારમાં પાત્ર લાભાર્થીઓને ચાવીઓ સોંપશે.

શહેરમાં, પ્રધાનમંત્રી શ્રી મોદી બે શહેરી પુનઃવિકાસ પ્રોજેક્ટ્સ- નૌરોજી નગર ખાતે વર્લ્ડ ટ્રેડ સેન્ટરનું ઉદ્ઘાટન કરશે. આ ઉપરાંત, લગભગ 300 કરોડ રૂપિયાના ખર્ચે બનેલ દ્વારકા ખાતે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનના સંકલિત કાર્યાલય સંકુલનું પણ ઉદ્ઘાટન કરશે.

શ્રી મોદી દિલ્હી યુનિવર્સિટીમાં 600 કરોડ રૂપિયાથી વધુના ત્રણ નવા પ્રોજેક્ટનો પણ શિલાન્યાસ કરશે. ઉપરાંત શ્રી મોદી નજફગઢના રોશનપુરા ખાતે વીર સાવરકર કોલેજનો શિલાન્યાસ કરશે

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યૂઝિક

# HOME AFFAIRS-PRISON MANUAL

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સર્વોચ્ચ અદાલતના ચૂકાદાને અનુરુપ જેલનાં કેદીઓ સાથે જાતિ આધારિત ભેદભાવનાં પ્રશ્નનો ઉકેલ લાવા મોડલ પ્રિઝન મેન્યુઅલ, 2016 અને મોડલ પ્રિઝન એન્ડ કરેક્શનલ સર્વિસિસ એક્ટ, 2023માં સુધારો કર્યો છે.

નવા મેન્યુઅલ પ્રમાણે જેલનાં સત્તાવાળાઓએ હવે કેદીઓ સાથે જ્ઞાતિ આધારિત ભેદભાવ, વર્ગીકરણ અને વિભાગીકરણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો રહેશે. મંત્રાલયે 'ભાગેડુ વૃત્તિ' ની વર્તમાન વ્યાખ્યામાં પણ સુધારો કર્યો છે.

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકાર અને રાજ્યોને જેલમાં થતાં જાતિ આધારિત ભેદભાવને દૂર કરવા જેલ માર્ગદર્શિકા અને નિયમોમાં સુધારો કરવા આદેશ આપ્યો હતો

# WORKING GROUP- WPI

જથ્થાબંધ ભાવ સૂચકાંકનું પાયાનું વર્ષ 2011-12થી બદલીને 2022-23 કરવા માટે વાણિજ્ય મંત્રાલયે કાર્યકારી જૂથની રચના કરી છે. નિતી આયોગના સભ્ય પ્રોફેસર રમેશ ચાંદના અધ્યક્ષપદ હેઠળનાં 18 સભ્યોનાં કાર્યકારી જૂથમાં વિવિધ સરકારી વિભાગો, આર્થિક સલાહકાર સંસ્થાઓ અને બિન સત્તાવાર નિષ્ણાતોને સમાવવમાં આવ્યા છે.

જૂથમાં બિન-સત્તાવાર સભ્યો તરીકે પ્રસિધ્ધ અર્થશાસ્ત્રી ડોક્ટર સુરજિત ભલ્લા, પ્રધાનમંત્રીની આર્થિક સલાહકાર પરિષદના સભ્ય. ડોક્ટર

શામિકા રવિ, ક્રિસિલના મુખ્ય અર્થશાસ્ત્રી ડોક્ટર ધર્મકિર્તી જોષીને સ્થાન આપવામાં આવ્યું છે.

## UPI-DECEMBER

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ જણાવ્યું છે કે યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) એ ગયા વર્ષે ડિસેમ્બરમાં એક જ મહિનામાં લગભગ 16.73 અબજ રૂપિયાના નાણાકીય વ્યવહારો કર્યા છે. UPI એ કરેલા વ્યવહારોમાં લગભગ 23.25 લાખ કરોડ રૂપિયાની પ્રક્રિયા કરી છે. NPCIએ જણાવ્યું હતું કે વ્યવહારોની ગણતરીમાં વાર્ષિક 39 ટકા અને ટ્રાન્ઝેક્શનની રકમમાં વાર્ષિક 28 ટકા વૃદ્ધિ જોવા મળી હતી. તેણે એમ પણ કહ્યું કે ગયા મહિને સરેરાશ દૈનિક વ્યવહારની રકમ 74 હજાર 990 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે

## STOCK MARKET

ભારતીય શેર બજારમાં આજે 1 હજાર 436 પોઈન્ટનો ઉછાળો આવ્યો હતો. આ સાથે જ સેન્સેક્સ આજે 79 હજાર 943 ની સપાટી એ પહોંચ્યો છે. જ્યારે નિફ્ટી 445 POINT ના વધારા સાથે 24 હજાર 188ની સપાટી સર કરી છે. આજે બોમ્બે સ્ટોક એક્સ્ચેંજમાં 2400 શેરના ભાવ વધ્યા હતા જ્યારે 1571 શેર ના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. અને 115 શર્મા કોઈ ફેરફાર થયો ના હતો

## FOOTBALL-ISL

કોલકાતા ના સોલ્ટ-લેક સ્ટેડિયમ ખાતે ઈન્ડિયન સુપર લીગ ફૂટબોલમાં આજે  મોહનબાગન સુપર જાયન્ટનો મુકાબલો  હૈદરાબાદ ફૂટબોલ

ક્લબ સામે મુકાબલો થઈ રહ્યો છે. મોહન બાગાન પોઈન્ટ ટેબલમાં 13 મેચમાં 29 પોઈન્ટ  સાથે ટોચ પર છે જ્યારે હૈદરાબાદ ફૂટબોલ ક્લબ 13 મેચમાં માત્ર આઠ પોઈન્ટ સાથે 12મા સ્થાને છે

# AMRICA - FIRING

અમેરિકના ન્યૂયોર્કમાં બુધવારે રાત્રે એક નાઇટ ક્લબની બહાર સામૂહિક ગોળીબારમાં 11 લોકો ઘાયલ થયા છે. ગોળીબાર જમૈકાના અમાઝુરા નાઈટક્લબ પાસે સ્થાનિક સમય અનુસાર રાત્રે 11 વાગ્યાને 20 મિનિટની આસપાસ થયો હતો. છેલ્લા 24 કલાકમાં અમેરિકામાં થયેલા ત્રણ હુમલાઓની વિચલિત શ્રેણીમાં આ ઘટના નવીનતમ છે. આ અંગે હજુ વધુ વિગતો બાર આવી નથી.

# PM - ORLEANS ATTACK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ન્યૂ ઓર્લિયન્સમાં કાયરતાપૂર્ણ આતંકવાદી હુમલાની આકરી નિંદા કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું, ભારતના વિચારો અને પ્રાર્થના પીડિતો અને તેમના પરિવારો સાથે છે.

# PM - PADMANABHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મન્નાથુ પદ્મનાભનને તેમની જન્મજયંતિ પર યાદ કર્યા. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ તેમની એક સાચા સ્વપ્નદ્રષ્ટા તરીકે પ્રશંસા કરી, જેમણે સમાજના ઉત્થાન માટે, મહિલાઓને સશક્ત કરવા અને માનવ દુઃખ દૂર કરવા માટે અવિરત પ્રયાસો કર્યા.પ્રધાનમંત્રીએ કહ્યું કે, શ્રી પદ્મનાભનએ શિક્ષણ ક્ષેત્રે પણ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.